ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

વાઘોડિયા GIDCમાં ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સનો સપાટો: ફાર્મા કંપનીમાં ઇન્જેક્શન પેકિંગ કરતા ૨૦ તરુણો મુક્ત

વાઘોડિયા GIDCમાં 20 બાળમજૂરને છોડાવાયા

વડોદરા જિલ્લા ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સ કમિટીએ દરોડો પાડીને તરૂણ શ્રમિકોને મુક્ત કરાવ્યા.

જોખમી કેમિકલ વચ્ચે બાળકો ઇન્જેક્શન બનાવતા હતા.

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા જિલ્લા ચાઈલ્ડ લેબર ટાસ્કફોર્સ કમિટી દ્વારા દ્વારા તા.૨૧-૦૪-૨૦૨૬ના રોજ વાઘોડીયા જી. આઈ. ડી. સી., વડોદરા ખાતે પ્લોટ નં.૨૪૨/૫-૬ માં આવેલી એક ફાર્માસ્યુટિકલ કંપનીમાં ટાસ્કફોર્સ દરોડો પાડવામાં આવ્યા હતો.

આ કાર્યવાહીમાં સ્થળ તપાસ દરમ્યાન ૧૮ તરુણીઓ તથા ૦૨ તરુણોને સ્થળ પર ઈન્જેક્શન બનાવવાની અને ઈન્જેક્શન પેકીંગમાં હેલ્પર તરીકેની કામગીરીમાં રોકવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ટાસ્કફોર્સ સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પુછપરછ દરમ્યાન જાણવા મળ્યું હતું કે, આ તમામ તરૂણ શ્રમિકો બાળ અને તરુણ શ્રમયોગી અધિનિયમ - ૧૯૮૬ ની અનુસૂચિના ભાગ-ક માં આપવામાં આવેલા જોખમી કામોની યાદી મુજબ જોખમી કામ કરતા હતા.

ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા ૦૨ તરૂણોને મુક્ત કરાવીને તેમને બાલ ગોકુલમ બોયઝ ચિલ્ડ્રન હોમ, ભુતડી ઝાંપા, વડોદરાના સુપ્રીન્ટેન્ડન્ટશ્રીને સોંપવામાં આવ્યા છે. જ્યારે ૦૭ તરૂણીઓને મુક્ત કરાવી હાઉસ ઓફ ઈમ્યુનિટી (સિતારે), અકોટા, વડોદરાના સુપ્રીન્ટેન્ડન્ટશ્રીને અને ૧૧ તરૂણીઓને મુક્ત કરાવીને હરસિદ્ધિ એજ્યુકેશન ટ્રસ્ટ (ચિલ્ડ્રન હોમ્સ ફોર ગર્લ્સ), ઈલોરા પાર્ક વડોદરા ખાતે સુપ્રીન્ટેન્ડન્ટશ્રીને સોપવામાં આવ્યા છે. આ સંસ્થા સામે જિલ્લા ચાઈલ્ડ લેબર ટાસ્કફોર્સ કમિટી દ્વારા આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, તેમ નાયબ શ્રમ આયુક્તની અખબારી યાદીમાં જણાવાયું છે.

આ સમગ્ર કામગીરીમાં વડોદરા જિલ્લાના સરકારી શ્રમ અધિકારી જે. જી. ગઢવી, ડેન્ટલ સર્જન ડો. જવનીકા કાપડીયા, આસિ. એજ્યુ. ઈન્સ્પે. નિમેષ એચ. બારીયા અને અંકુર કે. બારોટનો સમાવેશ થાય છે. તેમની સાથે ડીસ્ટ્રીક્ટ ચાઈલ્ડ પ્રોટેક્શન યુનિટના સોશિયલ વર્કર દક્ષેશ પરશોત્તમભાઈ રાજ, બાળ વિકાસ યોજના અધિકારી શ્રીમતી કુસુમબેન પી. રાઠવા, ઔધિગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી મિત્ત જી. પાંડે તેમજ NGO પ્રયાસ તરફથી હરેશ આઈ. પરમાર અને સાહિલ આર. વહોરા પણ આ કામગીરીમાં જોડાયા હતા.

ચૂંટણી ગરમાતા હિંસા: વાગરા પોલીસ મથકે હુમલાખોર સામે ગુનો દાખલ

ભાજપસમર્થકમાતા-પુત્રપરહુમલો, ઈજાગ્રસ્ત મહિલા સારવાર હેઠળ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.22

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના કલમ ગામે રાજકીય અદાવતમાં હિંસક હુમલાની ઘટના સામે આવી છે. ભાજપનો પ્રચાર કરવા બાબતે માતા-પુત્ર પર હુમલો કરવામાં આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે વાગરા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

કલમ ગામના સ્કૂલ ફળિયામાં રહેતા અનિશાબેન સિકંદરભાઈ સણવી ગત 20 એપ્રિલની રાત્રે ગામની એક દુકાને અગરબત્તી લેવા ગયા હતા. આ સમયે તેમનો 20 વર્ષીય પુત્ર મોહંમદ ફૈઝ પોતાની મોટરસાયકલ સાથે ત્યાં ઊભો હતો. ત્યારે ગામનો જ રહેવાસી આરોપી ઈકબાલ સુલેમાન સાધુ (ઉર્ફે નાનો) પોતાની રિક્ષા લઈને ત્યાં આવી પહોંચ્યો. આરોપી ઈકબાલ સાધુએ મોહંમદ ફૈઝને જોઈને ઉશ્કેરાઈ જતાં કહ્યું હતું કે, "તું આજકાલ ભાજપનો ઝંડો લઈને ફરે છે અને પ્રચાર કરે છે, પણ અમારા ફળિયામાં ભાજપનો પ્રચાર કરવા આવવું નહીં." આ બાબતે બોલાચાલી થતાં આરોપીએ ગાળાગાળી શરૂ કરી અને મોહંમદ ફૈઝને લાત મારી નીચે પાડી દીધો. માતા અનિશાબેન પોતાના પુત્રને છોડાવવા વચ્ચે પડ્યાં ત્યારે આરોપી વધુ હિંસક બન્યો. તેણે પોતાની રિક્ષામાંથી લોખંડનું પાળિયું કાઢી અનિશાબેનને ડાબા ખભાના ભાગે બે ઘા ઝીંકી દીધા. હુમલામાં મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટના બાદ હુમલાખોર ફરાર થઈ ગયો છે. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે વાગરાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વાગરા પોલીસે આ મામલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (B.N.S.S)ની કલમ 115(2), 118(1), 351(3), 352 અને જી.પી. એક્ટની કલમ 135 મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ વાઘેલા આ કેસની તપાસ કરી રહ્યા છે. આગામી 26 એપ્રિલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે. મતદાનની તારીખ નજીક આવતાં રાજકીય માહોલ દિવસેને દિવસે ગરમ બનતો જઈ રહ્યો છે.

સાંકળ નવી વસાહતના 200 લોકોએ પોકાર્યો 'રસ્તો નહીં તો વોટ નહીં' ચૂંટણી બહિષ્કાર

બાળકો અને ગ્રામજનોએ જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે ૨ કિમીનો ફેરો ખાવા મજબૂર

(પ્રતિનિધિ) નસવાડી, તા.22

નસવાડી તાલુકાના સાંકળ તણખલા જૂથ ગ્રામ પંચાયત નું સાંકળ નવી વસાહત ગામમાં 50 જેટલા શ્રમજીવી પરિવારો ના મકાન આવેલા છે જેમાં 250 જેટલા લોકો ની વસ્તી છે જ્યારે આ વિસ્તાર ને તણખલા મેઈન બજાર થી જોડતો ટૂંકો રસ્તો હતો તે રસ્તા ઉપર બિલ્ડરે કોમન પ્લોટ હતો તે વેચી નાખતા ટૂંકો રસ્તો બંધ થઈ જતા બે કિલોમીટર નો

ફેરો ફરીને સાંકળ નવી વસાહત ના ગ્રામજનો ને તણખલા ગામ માં જીવન જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા તેમજ બાળકો ને અભ્યાસ કરવા માટે જવું પડે છે. જ્યારે ગ્રામજનો એ બિલ્ડર વિરુધ્ધ લેખિત માં ગ્રામ પંચાયત ને રજૂઆત કરી હતી પરંતુ ગ્રામ પંચાયત ના સત્તાધીશો એ રસ્તો બનાવવા માટે કોઈ કાર્યવાહી ના કરી જ્યારે પાણી ની સુવિધા માટે પણ વારંવાર ગ્રામ પંચાયત ના સત્તાધીશો ને રજૂઆત કરી પરંતુ પાણી ની સુવિધા પણ ગ્રામ પંચાયત દ્વારા ના કરી આપતા આખરે લોકો કંટાળી ને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની ચૂંટણીઓ માં ઊભા રહેલા ઉમેદવારો ને આ વિસ્તાર માં પ્રવેશબંધી ફરમાવી ને મતદાન બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે જ્યારે ચોમાસા ની ઋતુ પાણી ભરાઈ જાય તો અવરજવર નો બીજો રસ્તો બંધ થઈ જાય છે હાલ તો લોકો બે કિલોમીટર ફરીને ગામમાં જાય છે જેમાં સમય નો વ્યય થાય છે અને આવવા જવા માં મુશ્કેલી પડે છે જ્યારે ગ્રામ પંચાયત બિલ્ડર પાસે થી કોમન પ્લોટ નો રસ્તો ખુલ્લો કરાવી પ્રજાજનો ને આવવા જવા માટે રસ્તો બનાવી આપે તો જ મત આપીશું તેવી ચીમકી ઉચ્ચારી છે હાલ તો ગ્રામ જનો ની આ ચીમકી થી વહીવટી તંત્ર માં ખળભળાટ મચી ગયો છે છોટાઉદેપુર જિલ્લામાં અધિકારીઓ પ્રજા ની રજૂઆત સાંભળતા નથી અને આખરે પ્રજા ને ચૂંટણી માં મતદાન બહિષ્કાર ની ચીમકી ઉચ્ચારવી પડે છે તે ગંભીર બાબત છે.

ફૂડપોઈઝનિંગ પગલે 20 ટીમ બનાવી તપાસ હાથ ધરી

દાહોદ : ગરબાડા ના અભલોડ ગામમાં લગ્ન પ્રસંગે ફૂડ પોઈઝનિંગની અંદાજે ૪૦૦ લોકોને અસર થતા ભારે દોડધામ મચી હતી અસરગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે દવાખાને લઈ જવાયા હતા. આ ઘટના બનતા જિલ્લા આરોગ્ય વિભાગ પણ એલર્ટ મોડમાં આવી ગયું હતું. આરોગ્ય વિભાગ એ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી તેમજ અભલોડ ગામમાં સાત ડોક્ટરો સાથે ૨૦ અલગ અલગ ટીમ બનાવી સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી બીજી તરફ અસરગ્રસ્તોની સારવાર બાદ સાજા થતાં તેમને દવાખાને થી રજા આપવામાં આવી રહી છે જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતા હાશકારો થયો હતો.

રાજ્યમાં પ્રચંડ ગરમી - હીટવેવ સામે સાવચેતી રાખવા નાગરિકો માટે માર્ગદર્શિકા

માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરવા તમામ જિલ્લા- સામુહિક આરોગ્ય કેન્દ્રોને સૂચના અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

હાલમાં રાજ્યમાં ઉનાળાની પ્રચંડ ગરમી અને હીટવેવના વધતા જતા પ્રકોપને ધ્યાનમાં રાખીને, રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નાગરિકોની સુરક્ષા માટે મહત્વપૂર્ણ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. વધતા તાપમાન સામે સાવચેતી રાખવી અને હીટવેવની ગંભીર અસરોથી બચવું એ આપણી સહિયારી જવાબદારી છે એમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

ગરમીથી બચવા નાગરિકોએ આટલી સાવચેતી રાખવી

બપોરે ૧૨:૦૦ થી ૪:૦૦ દરમિયાન કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળવું. કામથી બહાર નીકળવાનું થાય ત્યારે માથા ઉપર ટોપી અથવા ભીનું કપડું રાખવું. હળવા રંગના અને સુતરાઉ કપડાં પહેરવા, જે શરીરને ઠંડક આપે. વડીલો, બાળકો અને સગર્ભાઓની વિશેષ કાળજી લેવી અને તેમને ગરમીમાં સુરક્ષિત રાખવા. પુષ્કળ પ્રમાણમાં પાણી, છાસ, લીંબુ શરબત અને નાળિયેર પાણી જેવા પ્રવાહી પીણાનું સેવન કરવું. જો ચક્કર આવવા, ખૂબ તરસ લાગવી, માથાનો દુખાવો કે બેભાન થવા જેવા લક્ષણો દેખાય, તો વિલંબ કર્યા વગર નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો.

માર્ગદર્શિકાનું પાલન: નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC) દ્વારા નિર્ધારિત "ગરમી અને આરોગ્ય" અંગેની માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરવા તમામ જિલ્લા આરોગ્ય કેન્દ્રોને સૂચના આપવામાં આવી છે.

સર્વેલન્સ અને તાલીમ: ૧ માર્ચ, ૨૦૨૬ થી ઈન્ટિગ્રેટેડ હેલ્થ ઈન્ફોર્મેશન પ્લેટફોર્મ (IHIP) દ્વારા હીટસ્ટ્રોકના કેસોનું સઘન દૈનિક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. આરોગ્ય કર્મીઓને વિશેષ તાલીમ આપવામાં આવી છે જેથી દર્દીઓને ત્વરિત અને અસરકારક સારવાર મળી રહે.

નસવાડીના સાંકળ ગામમાં બિલ્ડરની મનમાની: વસાહતનો રસ્તો બંધ થતા હાલાકી

નસવાડી : નસવાડી તાલુકાના સાંકળ તણખલા જૂથ ગ્રામ પંચાયત ના સાંકળ નવી વસાહત ગામમાં જવાના રસ્તા ઉપર એક બિલ્ડર એ કોમન પ્લોટ નો રસ્તો બંધ કરી દીધો છે તેને ખુલ્લો કરાવી આપે તેવી લોકો ની માંગ છે.

મધવાસ પાસે હોટલ સંચાલક સામે કાર્યવાહી

પરપ્રાંતીય મજૂરોની નોંધણી ન કરાવતા SOGનો સપાટો

ક્રિષ્ના કાઠીયાવાડી હોટલના સંચાલક સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) કાલોલ, તા.22

એસઓજી પોલીસે મધવાસ પાસે કાઠીયાવાડી હોટલમાં રાજ્ય બહારના ઈસમોને નોકરી પર રાખી પોલીસમાં જાણ નહીં કરતા કરી કાર્યવાહી કાલોલ તા ૨૨/૦૪/૨૬ એસઓજી પોલીસ સ્ટેશન નો સ્ટાફ કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે મધવાસ પાસે આવતા ક્રિષ્ના કાઠીયાવાડી નામની હાલોલ કાલોલ હાઈવે ઉપરની હોટલમાં પરપ્રાંતીય ઈસમો કામ કરતા જોવા મળેલ.

પોલીસે હોટલના એસઓજી પોલીસ સ્ટેશન નો સ્ટાફ કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે મધવાસ પાસે આવતા ક્રિષ્ના કાઠીયાવાડી નામની હાલોલ કાલોલ હાઈવે ઉપરની હોટલમાં પરપ્રાંતીય ઈસમો કામ કરતા જોવા મળેલ.

પોલીસે હોટલના સંચાલક દિનેશભાઈ શંકરભાઈ લાખારા ને પૂછતા પર પ્રાંતીય ઈસમો પાસેથી કોઈ પણ પ્રકારનું આઈડી પ્રુફ મેળવેલ નથી કે તેઓને નોકરીમાં રાખ્યા અંગે સ્થાનિક પોલીસ મથકે કોઈપણ જાતની નોંધણી કરાવેલ નથી જેથી હોટેલ સંચાલક સામે જાહેરનામા ભંગની કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

બોડેલી પાલિકાની ઐતિહાસિક પ્રથમ ચૂંટણી કલેક્ટરે સંવેદનશીલ બૂથોનું નિરીક્ષણ કર્યું

(પ્રતિનિધિ) બોડેલી, તા.22

સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત નવરચિત બોડેલી નગરપાલિકાની પ્રથમ ઐતિહાસિક ચૂંટણી આગામી તા. ૨૬મી એપ્રિલના રોજ યોજાનાર છે. આ ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણપણે શાંતિપૂર્ણ, નિષ્પક્ષ અને ભયમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તેવા ઉમદા હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સઘન તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

આ સજ્જતાના ભાગરૂપે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રીમતી ગાર્ગી જૈન દ્વારા બોડેલી નગરપાલિકાના સંવેદનશીલ બૂથની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરએ મતદાન મથકો પર ઉપલબ્ધ સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, નવરચિત નગરપાલિકાની આ પ્રથમ ચૂંટણી હોવાથી નાગરિકો ઉત્સાહપૂર્વક અને કોઈપણ ડર વગર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તંત્ર કટિબદ્ધ છે.

આ મુલાકાત વેળાએ જિલ્લા પોલીસ વડા ઈમ્તિયાઝ શેખ અને મદદનીશ પોલીસ અધીક્ષક હર્ષ શર્મા પણ સાથે રહ્યા હતા. તેમણે સુરક્ષા જવાનોને જરૂરી સૂચનાઓ આપી હતી અને સંવેદનશીલ બૂથમાં પોલીસ પેટ્રોલિંગ અને ચુસ્ત બંદોબસ્ત અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કરજણ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદેસર હથિયાર સાથે આરોપીઓની ધરપકડ

વડોદરા SOGની મોટી કાર્યવાહી: તમંચા સાથે 2 ઇસમ ઝડપાયા

ચૂંટણી પૂર્વે પોલીસ એક્શન મોડમાં: કુરાલી ગામની સીમમાં વોચ ગોઠવી હથિયાર સાથે બેની ધરપકડ

(પ્રતિનિધિ) કરજણ, તા.22

વડોદરા ગ્રામ્ય પોલીસે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ભયમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે 'ઓપરેશન પરાક્રમ' નામનું વિશેષ અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં ગેરકાયદેસર હથિયારો રાખનાર, ખરીદ-વેચાણમાં સંડોવાયેલા તેમજ ગુનાખોરી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા ઈસમો સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આરોપી:- મોબીનભાઇ મતાભાઇ સિંધી

આરોપી:-અમીનભાઇ હકીમભાઇ ગજુ

આ કામગીરી દરમિયાન પી.કે. સોઢા (પોલીસ ઈન્સ્પેક્ટર, SOG વડોદરા ગ્રામ્ય)ના માર્ગદર્શન હેઠળ પી.જે. પટેલ અને એચ.એમ. જાળીયા (પોલીસ સબ ઈન્સ્પેક્ટર) સહિતની ટીમોએ અલગ-અલગ દળો બનાવી જિલ્લાભરમાં સક્રિય તપાસ હાથ ધરી હતી.

તે દરમિયાન કરજણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન SOG ટીમને બાતમી મળી હતી કે બે ઈસમો મોટરસાયકલ નંબર GJ-06-SN-3659 પર ગેરકાયદેસર હથિયાર સાથે અઝી કુરાલીથી ગણપતપુરા તરફ જઈ રહ્યા છે. બાતમીના આધારે કુરાલી ગામની સીમમાં વોચ ગોઠવી કાર્યવાહી કરવામાં આવી હતી.

કાર્યવાહી દરમિયાન મોબીનભાઈ મતાભાદ અને અમીનભાઈ હકીમભાઈ ગજુ (સિંધી) નામના બે ઈસમોને દેશી હાથ બનાવટના તમંચા સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. બંને આરોપીઓ વિરુદ્ધ કરજણ પોલીસ સ્ટેશન ખાતે આર્મ્સ એક્ટની કલમ 25(1-B)(A) અને 29 હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વડોદરા ગ્રામ્ય પોલીસની આ કામગીરીથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ચૂંટણી પૂર્વે સુરક્ષા માહોલ મજબૂત બનાવવા દિશામાં મહત્વપૂર્ણ પગલું ગણાઈ રહ્યું છે.

દાહોદ ભારતીય જનતા પાર્ટી દ્વારા આદેશ આપવામાં આવ્યો

ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે અપક્ષ લડનારાઓને ફરી ક્યારેય પક્ષમાં નહીં લેવાય

બળવો કરનાર હોદ્દેદારો અને સક્રિય સભ્યો 5 વર્ષ માટે પક્ષમાંથી બહાર

(પ્રતિનિધિ) દાહોદ તા.22

ભારતીય જનતા પાર્ટીના સત્તાવાર ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવારી કરનારાઓ ને પક્ષમાં પ્રવેશ બંધી છે પક્ષના હોદ્દેદારો કે જેઓને સસ્પેન્ડ કરવામાં આવેલા છે સક્રિય સભ્યોને પણ પ્રવેશબંધી લાગુ પડનાર છે. ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે અપક્ષ લડનારાઓને ફરી ક્યારેય પક્ષમાં નહીં લેવાય તેમ જણાવાયુ છે.

ભારતીય જનતા પાર્ટી દાહોદ જિલ્લાના પ્રમુખ શ્રી સ્નેહલભાઈ ધરિયા એ એક નિવેદનમાં જણાવ્યું છે કે દાહોદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જેમાં જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને નગરપાલિકા દાહોદ માં પક્ષના સત્તાવાર ઉમેદવારની સામે ભાજપ સાથે સંકળાયેલા કે ભાજપની વિચારધારા વાળા જે પણ નાગરિકોએ જે પણ હોદ્દેદારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે તેવા તમામ ઉમેદવારને સામાન્ય ચૂંટણી પછી કોઈપણ સંજોગોમાં ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ આપવામાં આવનાર નથી ભારતીય જનતા પાર્ટીના સત્તાવાર ઉમેદવાર ની સામે પાર્ટીના સભ્યો અને હોદ્દેદારોને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તો કેટલાક ભારતીય જનતા પાર્ટીના વિચારધારા સાથે સંકળાયેલા અને તેની વિચારધારાને વરેલા લોકોએ પણ સત્તાવાર ઉમેદવાર ની સામે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે તેવા પણ કોઈ ઉમેદવારને ચૂંટણી ભાજપા પાર્ટીમાં પ્રવેશ આપનાર નથી ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને વળેલા મતદારોએ ભાજપમાં જે વિશ્વાસ મૂકેલો છે તે કાયમ રાખવા અને આવા તત્વોની કોઈપણ ભ્રામક વાતોથી ભરમાવાને બદલે માત્ર ને માત્ર ભારતીય જનતા પાર્ટીના સત્તાવાર ઉમેદવારને જ એટલે કે કમળ નિશાન પર જ પોતાનો મત આપવા નમ્ર અપીલ કરતા જણાવાયુ છે.